# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૧૦૫ । વિક્રમ સંવત ૨૦૮૧ : કારતક વદ ૦૬ । પાના - ૧૦ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 105 • Dt. 21-11-2024 Thursday • Page 10 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125




P.09

ફિલ્મોમાં કામ કરી ચૂકેલી કીર્તિ સુરેશ ડિસેમ્બરમાં લગ્ન કરશે



P.09

'ગદર ૨' ફિલ્મે બોક્સ ઓફિસ પર ૬૦૦ કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી હતી : અમીષા

મસ્કની સ્પેસએક્સે યુએસથી ઇસરોનો સેટેલાઇટ સફળતાપૂર્વક લોન્ચ કર્યો!!




09

**21**
NOVEMBER- 2024
THURSDAY



09

હિમાચલ સરકારને હાઈકોર્ટનો એક વધુ ફટકો ૧૮ ખોટ કરતી હોટેલોને બંધ કરવાનો આદેશ


+91 95370 00497 | 77779 20026

Near S.B. Farm, New Shahibaug, Nana Chiloda - 382330

RERA NO. PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY.AUDA/MAA11835/230523 | GUJRERA1.GUJARAT.GOV.IN

FOR LOCATION

લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ । સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ । જાહેરાત માટે : ૭૦૧૬૬ ૯૨૦૬૬

ગાંધીનગરમાં ઉચ્ચ સ્તરીય બેઠક યોજીને ગુજરાતની સર્વગ્રાહી અને સર્વસમાવેશી વિકાસ મોડલની વિસ્તૃત જાણકારી મેળવી

# મધ્યપ્રદેશના મુખ્યમંત્રી અને ઉચ્ચ સચિવો ગુજરાત મોડેલની સિદ્ધિઓથી પ્રભાવિત થયા

**મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડો. મોહન યાદવના નેતૃત્વમાં મધ્યપ્રદેશ સરકારના વરિષ્ઠ સચિવઓનું પ્રતિનિધિ મંડળ ગુજરાતની દ્વિ દિવસીય મુલાકાતે**

। પ્રતિનિધિ, ગાંધીનગર,તા.૨૦ ।

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવના નેતૃત્વમાં મધ્યપ્રદેશ સરકારના વરિષ્ઠ સચિવઓનું પ્રતિનિધિ મંડળ ગુજરાતની દ્વિ દિવસીય મુલાકાતે છે.



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તથા નાણાં અને ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈ, મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સલાહકાર ડૉ. હસમુખ અઢિયા, મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ એમ.કે.દાસ તથા રાજ્ય સરકારના જુદા-જુદા વિભાગોના વરિષ્ઠ સચિવશ્રીઓ સાથે મધ્યપ્રદેશના આ પ્રતિનિધિ મંડળે ગાંધીનગરમાં ઉચ્ચ સ્તરીય બેઠક યોજીને ગુજરાતની સર્વગ્રાહી અને સર્વસમાવેશી વિકાસ મોડલની વિસ્તૃત જાણકારી મેળવી હતી.મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવે ગુજરાતના આ સર્વસમાવેશી વિકાસના મોડલની પ્રશંસા કરતા સ્પષ્ટપણે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દિશાદર્શનમાં જનહિતકારી સુશાસનથી પ્રજાકલ્યાણ યોજનાઓ અને કાર્યોમાં ઈનોવેશન તથા ટેક્નોલોજીના સમુચિત ઉપયોગથી દેશનું રોલ મોડલ બન્યું છે.

આ ઉચ્ચ સ્તરિય બેઠકમાં કરવામાં આવેલા વિવિધ પ્રેઝન્ટેશન દ્વારા ગુજરાતે મેડિકલ એજ્યુકેશન ક્ષેત્રે બ્રાઉન ફિલ્ડ અને ગ્રીન ફિલ્ડ મેડિકલ કોલેજીસ, રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઊર્જા સક્ષમતા અને રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે આત્મનિર્ભરતા, ફાર્માસ્યુટીકલ, બલ્ક ડ્રગ, એમ.એસ.એમ.ઈ. સેક્ટરમાં ગુજરાતની પહેલ રૂપ સિધ્ધિઓ તથા શહેરી વિકાસ યોજનાઓમાં પારદર્શીતા સાથે અદ્યતન સુવિધા સભર ટાઉન પ્લાનીંગ, વિવિધ વિકાસ યોજનાઓનું સેચ્યુરેશન એપ્રોચથી અમલીકરણ તેમજ ઈમર્જીંગ સેક્ટર એવા સેમી કન્ડક્ટર ઉદ્યોગો માટે ક્લસ્ટર ડેવલપમેન્ટ અને માર્ગ વાહન વ્યવહાર જેવા ક્ષેત્રોમાં ગુજરાતના ઈનીશ્યેટીવ્ઝની વિસ્તૃત જાણકારી મેળવીને સુચારુ અમલીકરણની પ્રશંસા કરી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ બેઠકમાં જણાવ્યું કે, વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સતત મળી રહેલા માર્ગદર્શનથી ગુજરાત વિકાસની નવી ઊંચાઈઓ સર કરવા સક્ષમ બન્યું છે અને વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતનો સંકલ્પ સાકાર કરવા પ્રતિબદ્ધ છે.

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવ અને તેમની સાથેના વરિષ્ઠ સચિવશ્રીઓએ આ બેઠક અગાઉ સી.એમ. ડેશબોર્ડની બહુવિધ ગતિવિધિઓ નિહાળીને રીયલ ટાઈમ મોનીટરીંગ તથા જનસંવાદ કેન્દ્ર દ્વારા ફિડબેક મિકેનીઝમની પણ તલસ્પર્શી જાણકારી મેળવી હતી.

ડૉ. મોહન યાદવે ગુજરાતની આ પહેલોને મધ્યપ્રદેશમાં કઈ રીતે લાગુ કરી શકાય તે અંગેની જાણકારી મેળવવામાં પણ રસ દાખવ્યો હતો અને ગુજરાતના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિ મંડળને આ હેતુસર મધ્યપ્રદેશની મુલાકાત માટે આમંત્રણ આપ્યું હતુ.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ બેઠકના સમાપને મધ્યપ્રદેશના મુખ્યમંત્રીશ્રીને સ્મૃતિ ચિહ્ન અર્પણ કર્યુ હતુ.

## બનાસકાંઠામાં વાવમાં કેનાલમાં ગેરરીતિ મામલે ખેડૂતોએ ચીમકી ઉચ્ચારી

। પ્રતિનિધિ, પાલનપુર, તા.૨૦ ।

બનાસકાંઠામાં વાવના ખિમાસા વાસમાં ભ્રષ્ટાચાર મામલે આક્રોશ જોવા મળ્યો છે. માલસણ બ્રાન્ચમાંથી પસાર થતી અસારા કેનાલનો ગેરરીતિનો મામલો સામે આવ્યો છે. કેનાલ પર પહોંચી ગેરરીતિ મામલે ખેડૂતોએ હલ્લાબોલ કર્યો છે.બનાસકાંઠા જીલ્લામાં વાવ તાલુકામાં આવેલા ખિમાસા વાસમાં માલસણ બ્રાન્ચમાંથી પસાર થતી અસારા કેનાલનો ગેરરીતિ આચરવામાં આવી હોવાનું ખેડૂતોએ આક્ષેપ કર્યા છે. કેનાલની ફરતે પ્રોટેક્શન દીવાલ બનાવવાનો પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો હતો. પરંતુ આ કામગીરીમાં કરોડોનું બિલ વસૂલાયું હતુ અને કામ માત્ર ૩૦ ટકા જ કર્યુ હોવાના ખેડૂતોએ આક્ષેપ કર્યા છે. ઉપરાંત, કામગીરીમાં પણ ગુણવતા ન જળવાયાનો આક્ષેપ કરાયો છે. ખેડૂતોએ આ મામલે હાઈકોર્ટમાં જવાની ચીમકી આપી છે.

## રાજકોટ મનપાના સ્થાપના દિવસની મ્યુઝિકલ નાઈટમાં થઈ ઝપાઝપી

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૨૦ ।

રાજકોટ મનપાનાં ૫૧માં સ્થાપના દિવસ નિમિતે રાત્રે ૮:૩૦ કલાકે ડીએચ કોલેજ ગ્રાઉન્ડ ખાતે બૉલીવુડ સિંગર અમાલ મલિક-નિકિતા ગાંધીની મ્યુઝીકલ નાઈટ યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. અને સંગીતનાં તાલે ઝૂમી ઉઠ્યા હતાઆ કાર્યક્રમ દરમિયાન સ્ટેજ નજીક આવેલ ટોળાને ખસેડતા યુવકનું પોલીસ સાથે ઘર્ષણ થયું હતું. જોકે સમાજ કલ્યાણ સમિતિનાં ચેરમેન સુરેન્દ્રસિંહ વાળાએ મામલો થાળે પાડ્યો હતો. કાર્યક્રમની શરૂઆતમાં રાજકોટનાં ૯ મહાનુભાવોને મેયર એવોર્ડ અપાયા હતા.રાત્રીના ૧૦ વાગ્યા આસપાસ મ્યુઝિકલ નાઈટમાં હોબાળો થયો હતો. જેમાં ટોળું સ્ટેજની નજીક આવી જતા પોલીસે તેને દૂર ખસેડવાનો પ્રયાસ કર્યો હતો. આ કારણે યુવક અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું.

## યુવતી પ્રેમીની જીદને પગલે નગ્ન થઈ : શરીર સંબંધ બાંધ્યા બાદ અસલી ખેલ થયો

। પ્રતિનિધિ, નવસારી, તા.૨૦ ।

સોશ્યલ મીડિયામાં મિત્રતા અને પ્રેમ પાંગરિયા બાદ પ્રેમીની જીદ સામે પોતાને નગ્ન કરનાર યુવતીએ લાખો રૂપિયા ખોવાનો વારો આવ્યો છે. પ્રેમીએ નગ્ન ફોટા અને વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ કરી બ્લેક મેઈલ કરવાની ચીમકી આપતા યુવતીએ બીલીમોરા પોલીસનું શરણું લેતા બ્લેકમેલર પ્રેમી જેલના સળિયા પાછળ ધકેલાયો છે. નવસારીના ગણદેવી તાલુકાની એક યુવતી સોશ્યલ મીડિયા થકી બીલીમોરાના જીત મિસ્ત્રીના સંપર્કમાં આવી હતી. બંને વચ્ચે પહેલા મિત્રતા થઈ અને ત્યારબાદ આંખો ચાર થતાં વીડિયો કોલના માધ્યમથી વાતો કરતા થયા હતા.જીતના પ્રેમમાં પાગલ થયેલી યુવતીએ પ્રેમીની જીદ આગળ વીડિયો કોલ ઉપર જ પોતાને નગ્ન કરી હતી. બાદમાં પ્રેમી જીતે રૂબરૂ મળ્યા ત્યારે પ્રેમિકાને તેના નગ્ન ફોટા અને વીડિયો ફોનમાંથી ડીલીટ કર્યા હોવાનો વિશ્વાસ અપાવ્યો હતો. જીત મિસ્ત્રીએ યુવતીને લગ્નની લાલચ આપી તેની સાથે અનેક વાર દુષ્કર્મ પણ આચર્યું હતુ.

## રાજ્યની તમામ યુનિવર્સિટી-કોલેજોમાં હવે હેલ્મેટ ફરજિયાત

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૦ ।

પોલીસ સ્ટેશન અને સરકારી કચેરીઓ બાદ હવે રાજ્યની તમામ યુનિવર્સિટીમાં વિધાર્થીઓ અને કર્મચારીઓને ફરજિયાત હેલ્મેટ પહેરાવવા માટે સરકારી યુનિવર્સીટીનાં વીસીને રાજ્ય પોલીસ વડાએ પત્ર લખી અપીલ કરી છે. પત્રમાં કહેવામાં આવ્યું છે કે મોટા ભાગના વિદ્યાર્થીઓ શૈક્ષણિક સંસ્થાઓ અને કોલેજોમાં અવર-જવર માટે ટુ-વ્હીલરનો ઉપયોગ કરે છે. આથી, તેમણે ફરજિયાત હેલ્મેટ પહેરવા સૂચન કરવામાં આવે અને હેલ્મેટ પહેરવા અંગે પ્રોત્સાહિત કરવામાં આવે. આ સિવાય હેલ્મેટ વગર કર્મચારીને પણ યુનિવર્સિટીમાં પ્રવેશ ના આપવા માટે જણાવવામાં આવ્યું છે. પાછળ બેસનારાને પણ હેલ્મેટનો નિયમ લાગુ પડશે. તમને જણાવી દઈએ કે ગુજરાતમાં રોજ અકસ્માતોથી સરેરાશ ૨૧ લોકોનાં મોત થાય છે.

## અમદાવાદમાં સોસાયટીના ૧૪મા માળેથી મોટા પ્રમાણમાં ડ્રગ્સ ઝડપાયું

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૦ ।

ગુજરાતમાં દિવસેને દિવસે ડ્રગ્સનું ચલણ વધી રહ્યું છે, એવો એક પણ દિવસ હોતો નથી કે ડ્રગ્સ ના ઝડપાયું હોય. ત્યારે આ ઘટનામાં વધારો કરતા અમદાવાદમાં વધુ એક વખત ડ્રગ્સ ઝડપાયું હતું. નારણપુરા વિસ્તારમાંથી મેફેડ્રોનનો જથ્થો ઝડપાયો છે. સમગ્ર ઘટનામાં ૭ આરોપી સામે પોલીસે ફરિયાદ નોંધાઇ હતી. એસઓજી પોલીસને નારણપુરા વિસ્તારમાં ૨૫.૬૮ લાખનો ડ્રગ્સનો જથ્થો ઝડપી પાડયો હોવાની માહિતી છે.અમદાવાદ સહિત સમગ્ર રાજ્યમાં ડ્રગ્સે પગ પેસારો કરી લીધો હોય તેવું જણાઈ રહ્યું છે. ત્યારે આજે સવારે નારણપુરા વિસ્તારમાં મોટા પ્રમાણમાં ડ્રગ્સ ઝડપાયું છે.નારણપુરા જૈન દેરાસર નજીક એલીફંટા સોસાયટીના ૧૪માં માળેથી એસઓજીએ ડ્રગ્સ ઝડપી પાડ્યું હતું. આ જગ્યા પરથી પોલીસને આશરે ૨૫૬ ગ્રામ ૮૬૦ મિલિગ્રામ ડ્રગ્સ એટલે કે ૨૫.૬૮ લાખનું ડ્રગ્સ ઝડપાયું છે. સમગ્ર ઘટનાને લઈ તંત્ર પર સવાલો પણ ઉભા થઈ રહ્યા છે. જીંર પોલીસે કુલ ૭ આરોપી સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે, જેમાં પાંચ આરોપીઓની ધરપકડ પણ કરી લેવામાં આવી છે.મળતી માહિતી અનુસાર નારણપુરા જૈન દેરાસર પાસે આવેલ એલીફંટા સોસાયટીમાં જીગ્નેશ પંડ્યા નામના આરોપીના ઘરેથી ૨૫૬ ગ્રામ ૮૬૦ મિલિગ્રામ ડ્રગ્સ મળી આવ્યું હતું.

મહારાષ્ટ્ર માંથી રૂપિયા ૫૦૦ના દરની નકલી નોટ ના મોટા જથ્થા સાથે ભાવનગરનો યુવાન ઝડપાયો હતો

# ભાવનગર શહેરમાં કચરાના ઢગલામાંથી રૂપિયા ૫૦૦ની ૯૫ નકલી નોટ મળી!!

। પ્રતિનિધિ, ભાવનગર, તા.૨૦ ।

ભાવનગર શહેરના રોયલ કોમ્પ્લેક્ષના બેઝમેન્ટના કચરાના ઢગલા માંથી રૂપિયા ૫૦૦ના દર ની ૯૫ નકલી નોટ મળી આવતા પોલીસે તપાસ હાથ ધરી છે. હજુ બે દિવસ પહેલા જ મહારાષ્ટ્ર માંથી રૂપિયા ૫૦૦ના દરની નકલી નોટ ના મોટા જથ્થા સાથે ભાવનગરનો યુવાન ઝડપાયો હતો. આ બંને વચ્ચે કોઈ કનેક્શન છે કે કેમ તે અંગે પોલીસ તપાસ ચલાવી રહી છે.પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગર રોડ પર આવેલ રોયલ કોમ્પ્લેક્ષના બેઝમેન્ટના કચરાના ઢગલા માંથી રૂપિયા ૫૦૦ના દરની ૯૫ ઝેરોક્ષ અથવા પ્રિન્ટ કરેલ નોટ મળી આવતા જિલ્લા પોલીસ વડા હર્ષદ પટેલ ,એસ.ઓ.જી. પોલીસ સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને તપાસ હાથ ધરી હતી. પોલીસે નકલી નોટ કબજે કરી આગળની તપાસ હાથ ધરી છે આ બનાવે શહેર માં ચકચાર જગાવી છે.શહેરના નવાપરા વિસ્તારના રોયલ કોમ્પ્લેક્ષને પ્રિન્ટિંગના હબ તરીકે ઓળખવામાં આવે છે. અહીં વિવિધ છાપકામ કરવામાં આવે છે. આ વિસ્તારની આસપાસ ભારતીય બનાવટની નકલી ચલણી નોટોનો જથ્થો કચરા સાથે રસ્તા પર રઝળતો જોવા મળ્યો હતો. આ મામલે હાલ ભાવનગર એસઓજીની ટીમ એ તપાસ શરૂ કરી છે કે, રસ્તા પર રઝળતી આ નોટ ક્યાંથી આવી હુબહુ અસલ દેખાતી એવી નકલી ચલણી નોટનું છાપકામ ક્યાંથી અને કોના દ્વારા કરવામાં આવ્યું હતું?અત્રે ઉલ્લેખનીય છે કે, મહારાષ્ટ્રમાં નકલી નોટો સાથે ભાવનગરનો યુવક ઝડપાયો હતો. મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણીના એક દિવસ પહેલાં એટલે કે સોમવારે મહારાષ્ટ્રના સેન્ટ્રલ ક્રાઈમ યુનિટ દ્વારા મૂળ ભાવનગરના ૧૯ વર્ષના યુવકની ધરપકડ કરવામાં આવી હતી.૧૯ વર્ષનો મૂળ ભાવનગરના રહેવાસી આર્યન જાબુચા પાસેથી ૫૦૦ રૂપિયાની ૧૦,૩૫૨ નકલી ચલણી નોટ મળી આલી હતી. આર્યન પકડાયો તેના બીજા જ દિવસે ભાવનગરમાં રસ્તે ૫૦૦ રૂપિયાની નકલી નોટો રઝળતા પ્રશ્ન થઈ રહ્યો છે કે, શું ભાવનગર અને મહારાષ્ટ્ર વચ્ચે આ નકલી નોટો વચ્ચે કંઈ કનેક્શન હશે?



## ક્રાઈમ બ્રાન્ચે તપાસ માટે ત્રણ ટીમો બનાવી

# ક્રાઈમ બ્રાન્ચે પીએમજેએવાય લાભ કૌભાંડ અને હોસ્પિટલમાં બે દર્દીઓના મોતની તપાસ શરૂ

### ક્રાઈમ બ્રાન્ચની ટીમે પ્રખ્યાત હોસ્પિટલ અને આરોપીના ઘરે સર્ચ ઓપરેશન હાથ ધર્યું

। પ્રતિનિધિ,અમદાવાદ,તા.૨૦ ।

પોલીસ કમિશનર જીએસ મલિકે ક્રાઈમ બ્રાન્ચને તપાસ સોંપ્યા બાદ ક્રાઈમ બ્રાન્ચે પીએમજેએવાય લાભ કૌભાંડ અને અમદાવાદની પ્રખ્યાત હોસ્પિટલમાં બે દર્દીઓના મોતની તપાસ શરૂ કરી છે. ક્રાઈમ બ્રાન્ચે તપાસ માટે ત્રણ ટીમો બનાવી હતી. સાથે સાથે મેડિકલ ટીમ અને આરોગ્ય વિભાગના સહયોગથી તપાસ તેજ કરવામાં આવી છે. આ કેસમાં ક્રાઈમ બ્રાન્ચે ડો.પ્રશાંત વજરાણીની કસ્ટડી મેળવી હતી. જ્યારે ચાર વોન્ટેડ આરોપી ડૉ.કાર્તિક પટેલ, ચિરાગ રાજપૂત, ડૉ.સંજય પટોલિયા અને રાજશ્રી કોઠારી સામે લુકઆઉટ નોટિસ જાહેર કરવામાં આવી છે.



ક્રાઈમ બ્રાન્ચના જેસીપી શહેર સિંઘલે વધુમાં જણાવ્યું કે ક્રાઈમ બ્રાન્ચની ટીમે પ્રખ્યાત હોસ્પિટલ અને આરોપીના ઘરે સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. યુએન મહેતા હોસ્પિટલની મેડિકલ ટીમ સાથે મળીને હોસ્પિટલની સર્ચ કરવામાં આવી હતી. ત્યારે ક્રાઈમ બ્રાન્ચે મહત્વના દસ્તાવેજો, ઈલેક્ટ્રોનિક પુરાવા અને ફાઈલો જપ્ત કરી હતી. આ ઉપરાંત ડૉ.કાર્તિક પટેલ, ચિરાગ રાજપૂત, ડૉ.સંજય પટોલિયા, રાજશ્રી કોઠારી અને ડૉ.પ્રશાંત વજરાણીના ઘરની તલાશી લેવામાં આવી છે અને ડિજિટલ દસ્તાવેજો, રજિસ્ટર અને પેનડ્રાઈવ જપ્ત કરવામાં આવી છે.

ખ્યાતી હોસ્પિટલમાં ગુજરાત નર્સિંગ કાઉન્સિલની ટીમ દ્વારા પણ તપાસ શરૂ કરવામાં આવી છે. ખ્યાતી હોસ્પિટલ બંધ થવાથી ખ્યાતી નર્સિંગ કોલેજ પર ખતરો વધી ગયો છે. ગુજરાત નર્સિંગ કાઉન્સિલની ટીમે નર્સિંગ કોલેજ અંગે અભિપ્રાય અહેવાલ તૈયાર કર્યો છે. આ નર્સિંગ કોલેજમાં જીએનએમમાં ૫૬ અને બીએસસી નર્સિંગમાં ૧૫૪ વિદ્યાર્થીઓ છે.

જેમાં ચાલુ વર્ષે જીએનએમ નર્સિંગમાં ૩૦ બેઠકો પર ૨ વિદ્યાર્થીઓ અને બીએસસી નર્સિંગમાં ૪૦ બેઠકો પર ૯ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હતો. તેથી પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓના પ્રવેશ રદ કરવામાં આવશે. જ્યારે બીજા અને ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓને અન્ય કોલેજમાં ટ્રાન્સફર કરવાનો નિર્ણય લેવાયો છે. તેમ ગુજરાત નર્સિંગ કાઉન્સિલના ઉપપ્રમુખ ઈકબાલ કડીવાલાએ જણાવ્યું હતું.બીજી તરફ ક્રાઈમ બ્રાન્ચે ખ્યાતી હોસ્પિટલ અંગે તપાસ શરૂ કરી વોન્ટેડ આરોપીની શોધખોળ શરૂ કરી છે. આ મેડિકલ માફિયાએ કેટલા કૌભાંડો કર્યા છે તેની તપાસની સાથે આરોપીઓની મિલકતની પણ તપાસ શરૂ કરી છે. વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનના પોલીસકર્મી ડો.પ્રશાંતને વીઆઈપી ટ્રીટમેન્ટ આપવાના કેસમાં તપાસ અધિકારીએ પીઆઈ સહિત પોલીસ સ્ટાફના નિવેદનો લીધા હતા. પોલીસ સ્ટેશનના સીસીટીવી ચેક કરવામાં આવ્યા હતા.

---

## સમાજ કલ્યાણ વિભાગ દ્વારા અપાશે સહાય

# વડોદરામાં પૂર્વ કોર્પોરેટરના પુત્રની હત્યાનો કેસ ।

## પરિવારજનોને રૂપિયા ૮.૨૫ લાખની સહાય મળશે

। પ્રતિનિધિ, વડોદરા, તા.૨૦ ।

વડોદરામાં પૂર્વ કોર્પોરેટરના પુત્રની હત્યા કેસમાં મૃતક તપનના પરિજનોને રૂ. ૮.૨૫ લાખની સરકારી સહાય મળશે,સમાજ કલ્યાણ વિભાગ દ્વારા અપાશે રૂપિયા ૮.૨૫ લાખની સહાય એફઆઈઆર અને પોસ્ટમોર્ટમના આધારે પરિવારને ૫૦% રકમ ચૂકવાશે સાથે સાથે બે દિવસમાં ૪, ૧૨, ૫૦૦નો ચેક પરિવારને અપાશે તો કોર્ટમાં ચાર્જશીટ મુકાયા બાદ સહાયનો બીજો હપ્તો ચૂકવાશે.એટ્રોસિટી, મર્ડરના ગુનામાં દોઢ વર્ષમાં પ્રથમવાર સહાય ચૂકવાશે.શહેરના રાવપુરા પોલીસ સ્ટેશનમાં તપન પરમાર મર્ડર ની એટ્રોસિટી અને મર્ડર ના ગુના સંદર્ભે ફરિયાદ નોંધાઈ છે.પોલીસના જણાવ્યા અનુસાર આ ઘટના સોમવારના રોજ બની હતી. તપન તેના મિત્રને મળવા ગયો હતો, જે બે સમુદાયના માણસો વચ્ચેની બોલાચાલી બાદ સારવાર માટે હોસ્પિટલમાં હતો. આ સમયે પીડિત તપનને કથિત હિસ્ટ્રીશીટર બાબરે છરી મારી હતી. ત્યારબાદ મહેતા વાડી વિસ્તારના પોલીસ સ્ટેશન પર લોકો એકઠા થયા હતા અને હત્યાને લઈને ઉશ્કેરણી કરી હતી. પોલીસે એ પણ ઉલ્લેખ કર્યો છે કે તપન બોલાચાલીમાં સામેલ ન હતો, પરંતુ તે તેના મિત્રને મળવા આવ્યો હતો.

## દાહોદના ધારાસભ્યના પિતાએ લાખો રૂપિયાની લાંચ માંગી હોવાનો આરોપ

। પ્રતિનિધિ,દાહોદ, તા.૨૦ ।

ગુજરાતમાં શિક્ષકોની ભરતીમાં કૌભાંડના ઘણા કિસ્સાઓ સામે આવ્યા છે પરંતુ હવે દાહોદમાંથી એક ચોંકાવનારું કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે. પ્રજાની સેવા માટે ચૂંટાયેલા પ્રતિનિધિના પિતા અને આશ્રમશાળાના ટ્રસ્ટી દ્વારા શિક્ષકની જગ્યા પર ભરતી માટે ઉમેદવારો પાસેથી લાખો રૂપિયાની માંગણી કરવામાં આવી હોવાનો વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાએ આક્ષેપ કર્યો છે. આ અંગે સોશિયલ મીડિયા પર કેટલાક વીડિયો પણ ફરતા થયા છે. જો કે અમે આ વીડિયોની પુષ્ટિ કરતા નથી.તમને જણાવી દઈએ કે આદિવાસી બાળકોને સારું શિક્ષણ આપવા માટે રાજ્યના ઘણા વિસ્તારોમાં આશ્રમ શાળાઓ ચલાવવામાં આવી રહી છે. આ શાળાઓમાં પ્રમાણિક, લાયકાત ધરાવતા શિક્ષક સહાયકો અને શિક્ષણ સહાયકોની શોધ માટે ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે.







## તંત્રી લેખ...

# જવાબદાર કોણ કોણ છે

દુર્ઘટનાઓથી બોધપાઠ નહી લેવાની ટેવ આખરે અમારી કેમ છુટતી નથી તે પ્રશ્ન વારવાર જ્યારે કોઇ ઘટના બને છે ત્યારે સાબિત થઇ જાય છે. ધાર્મિક સ્થળો પર ઘટના બનતી રહે છે. છતાં તંત્ર દ્વારા ધ્યાન આપવામાં આવતુ નથી. અકસ્માતો થયા બાદ જ પગલા લેવામાં આવે છે. ફરી એની એજ સ્થિતી ઉભી થઇ જાય છે. વળતર આપવા માટેની જવાબદારી અદા કરીને તમામ કામ કરી દેવામાં આવે છે. કોઇ પઁણ ઘટના બને ત્યારે તમામ પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવે છે. મૃતકોના પરિવારના સભ્યોને વળતર આપવામાં આવે છે. દુર્ઘટનમાં તપાસના આદેશ જારી કરવામાં આવે છે. શોક સંવેદના વ્યક્ત કરવામાં આવે છે. નેતાઓની મુલાકાત થાય છે. દરેક ઘટના બાદ દોહરાવવામાં આવતી પટકથા ફરી દોહરાવવામાં આવી છે. જે કઇ પણ બન્યુ તે જોઇને લાગતુ નથી કે ગરીબ માનવીની કોઇ કિંમત રહી ગઇ છે. હાલમાં અમરનાથમાં પણ આવી જ ઘટના બની હતી. જેમાં અનેક લોકોના મોત થયા હતા. અમરનાથ યાત્રા દર વર્ષે યોજાય છે. અહીં રૂટ પર કોઇ ઘટના ચોક્કસપણે બને છે જેથી યાત્રા રૂટને હજુ વધારે સરળ બનાવી દઇને આવી ઘટનાથી બચી શકાય છે. ભેખડો ધસી પડવા અને વરસાદથી સામાન્ય લોકોને બચાવી શકાય છે. વર્ષો પહેલા જોધપુરમાં મહેરાનગઢમાં ધાર્મિક આયોજન કરવામાં આવ્યુ હતુ. એ વખતે એકાઅક મચી ગયેલી ભાગદોડની ઘટનામાં ૨૦૦થી વધારે લોકોના મોત થઇ ગયા હતા. ત્યારબાદ આ ઘટનામાં તપાસ કરવામાં આવી હતી. તપાસ વર્ષો સુધી ચાલી હતી. આખરે આ ભાગદોડની ઘટના બની કેમ તે અંગે વર્ષોની તપાસ બાદ પણ કોઇ વિગત સપાટી પર આવી ન હતી. મહેરાનગઢ જ કેમ ? ૨૦૦૮માં હિમાચલપ્રદેશમાં નૈના દેવી મંદિરમાં પણ ભાગદોડની મોટી ઘટના બની ગઇ હતી. જેમાં ૧૪૪ લોકોના મોત થઇ ગયા હતા. શુ આવી ઘટનાઓને રોકવા માટે પુરતી વ્યવસ્થા કરવી જોઇએ નહીં. જે આયોજનમાં સેંકડો લોકો પહોંચે છે તે આયોજનમાં તમામ જરૂરી સુરક્ષા પાસા પર ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. જો કે કમનસીબ રીતે આ બાબતો તરફ સંબંધિત વહીવટી તંત્ર દ્વારા ધ્યાન આપવામાં આવતુ નથી. સુરક્ષા પાસામાં બાંધછોડ કરીને મંજુરી કેમ આપવામાં આવે છે તે પ્રશ્ન તમામને સતાવે છે. પ્રશ્ન ગંભીર છે પરંતુ તેની ગંભીરતાને સમજી શકે તેવા લોકો દેખાતા નથી. દુર્ઘટનાઓ બાદ વર્ષો સુધી તપાસ ચાલે છે પરંતુ કોઇની જવાબદારી નક્કી કરવામાં આવતી નથી. મૃતકોના પરિવારના સભ્યો વર્ષો સુધી ન્યાય મેળવી લેવાની આશામાં જુબાની આપતા રહે છે. પુરાવા એકત્રિત કરતા રહે છે. સરકારોના કામ લાગે છે કે હવે માત્ર અનુદાન આપવા અને બેરોજગારી ભથ્થા આપવા સુધી મર્યાદિત રહી ગયા છે. ખેડુતોની લોન માફીના નામ પર વોટ મેળવી લેવા અને રાજકીય ઉથલપાથલને જ નેતાઓ સરકાર તરીકે ગણે છે. સરકારી તંત્ર જ આવુ બની ગયુ છે જેમાં તમામ બાબતો રામ ભરોસે ચાલતી નજરે પડે છે. પાંચ લાખ રૂપિયાનુ વળતર ચુકવી કોઇ પરિવારના ચહેરા પર ખુશી લાવી શકાય નહી. જસોલમાં બનેલી ઘટનામાં તપાસનો આદેશ કરીને રસમ તો પૂર્ણ થઇ ગઇ છે પરંતુ દુર્ઘટના માટે જવાબદાર લોકોને પણ કોઇ દિવસે સજા થઇ શકશે કે કેમ તે પ્રશ્ન તમામને સતાવે છે.

# પ્રી મેચ્યોર શિશુની સારી જાળવણી

હાલમાં જ જારી કરવામાં આવેલા એક આંકડામાં દાવો કરવામાં આવ્યો છે કે દર વર્ષે દેશમાં આશરે ૭.૫ લાખ નવજાત શિશુના મોત થઇ જાય છે. આમાંથી આશરે ૩૫ ટકા શિશુના મોત સમય કરતા પહેલા જન્મ અથવા તો જન્મના સમય ઓચા વજનના કારણે જ થઇ જાય છે. મોટા ભાગના મામલામાં પ્રી-મેચ્યોર ડિલીવરીના કારણે નવજાત શિશુમાં મૃત્યુ દરનો આંકડો વધી જાય છે. આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે કંગારુ મધર પ્રક્રિયા હાલમાં લોકપ્રિય થઇ રહી છે. ધીમે ધીમે આ પ્રક્રિયાની બોલબાલા વધવાની સાથે સાથે તેની લોકપ્રિયતા વધી છે. જાણકાર તબીબો કહે છે કે કોઇ પણ શિશુના પ્રી મેચ્યોર ડિલિવરી થાય છે તો કંગારુ મધર કેર હેઠળ માતા અને શિશુ વચ્ચે માત્ર સ્કીનનો સંપર્ક રાખવામાં આવે છે. કંગારુ મધર કેર પ્રક્રિયા શુ છે તે અંગે વાત કરવામાં આવે તો સ્થિતી વધારે સ્પષ્ટ થઇ જાય છે. આ પ્રક્રિયા હેઠળ એક ખાસ પ્રકારની સ્થિતી નિર્માણ પામે છે. જ્યારે કોઇ શિશુની પ્રી મેચ્યોર ડિલીવરી થાય છે ત્યારે કંગારુ મધર કેર હેઠળ ખાસ સંપર્ક રાખવામાં આવે છે. સ્કીન સંપર્ક રાખવામાં આવે છે. આ ગાળા દરમિયાન શિશુને ડાયપર અને ટોપી તેમજ મોજા પહેરાવવામાં આવે છે. સાથે સાથે મહિલાને આગળતી ખુલ્લા ગાઉન પહેરાવીને તેમની છાતી પર શિશુને સુવડાવી દેવામાં આવે છે. હાઇપોથર્મિયાથી બચવા માટે માતાના ગાઉનમાં બાળકોને ઢાકી દેવામાં આવે છે. શરૂઆતમાં ઓછામાં ઓછા એક કલાક સુધી આ પ્રયોગ કરવામાં આવે છે. ધીમે ધીમે તેનો સમય ગાળો વધારી દેવામાં આવે છે. આ જ પોઝિશનમાં માતા પોતાના શિશુને સ્તનપાન પણ કરાવી શકે છે. જેથી શિશુનો યોગ્ય વિકાસ થઇ શકે છે. આ ટેકનોલોજી નવજાત શિશુ માટે વધારે સારા વિકાસ માટેનો માર્ગ મોકળો કરે છે. આના કારણે માતા અને શિશુ બંનેને ફાયદો થાય છે. આ વિધીથી સ્કીનનો સંપર્ક શિશુને શાંત રહેવા અને શિશુને સંભાળવા માટે માતાના આત્મવિશ્વાસમાં વધારો કરે છે. એક અભ્યાસમાં દાવો કરવામાં આવી ચુક્યો છે કે જે માતા દ્વારા થોડાક સમય માટે પણ શિશુની સાથે કંગારુ મધર કેરની પ્રક્રિયા અપનાવી છે તેમના બાળકોને સારી ઉંઘ આવે છે. સાથે સાથે માતાને પણ ટેન્શન જેવી તકલીફ હોતી નથી. સમય કરતા પહેલા જન્મ લઇ ચુકેલા શિશુના ફેફસા યોગ્ય રીતે વિકસિત થતા નથી. પરંતુ આ પ્રક્રિયા મારફતે તેમનામાં ઓક્સિજન સંચાર થાય છે. નિષ્ણાંતોની વાત માનવામાં આવે તો આ પ્રક્રિયા ધીમે ધીમે અડધા કલાકની અંદર શિશુના તાપમાનમાં સુધારો લાવે છે. આ એક નેચરલ ઇનક્યુબેટરની જેમ કામ કરે છે. આના કારણે માતાના હાર્મોન સક્રિય રહે છે. જેના કારણે દુધ આપુર્તિમાં વધારો થાય છે. સ્કીનથી સ્કીન સંપર્ક માતાને પણ રિલેક્સ અનુભવ કરાવે છે. સાથે સાથે લાંબા સમય બાદ ડિપ્રેશનની શંકાને પણ દુર કરે છે. તાજેતરમાં કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવમાં આવ્યું છે કે હોસ્પિટલમાં થતા બેક્ટેરિયલ ઇન્ફેક્શનના કારણે ભારતમાં દર વર્ષે જન્મના પ્રથમ ચાર સપ્તાહમાં ૧૯૦૦૦૦ બાળકોના મોત થઇ જાય છે. અભ્યાસમાં ચોંકાવનારા તારણ સપાટી પર આવ્યા બાદ આરોગ્યને લઇને ભારતમાં નવજાત શિશુના મામલે ગંભીર ચિત્ર સપાટી પર આવ્યું છે. સેન્ટર ફોર ડીસીઝડાયનેમિક્સ ઇકોનોમિક્સ એન્ડ પોલિસી દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે આશરે ૧૦ લાખ ભારતીય નવજાત શિશુ દર વર્ષે લાઇફના પ્રથમ ચાર સપ્તાહમાં મૃત્યુ પામે છે. આ મોત પૈકી ૧૯૦૦૦૦ જેટલાં નવજાત શિશુના મોત બેક્ટેરિયલ ઇન્ફેક્શનનાં કારણે થાય છે. સેપ્સીસ અથવાતો બેક્ટેરિયલ ઇન્ફેક્શન સારવાર થઇ શકે તે પ્રકારનો રોગ છે. નિષ્ણાંતોનું કહેવું છે કે બેક્ટેરિયલ ઇન્ફેક્શન હોસ્પિટલમાં લાગતા ઇન્ફેક્શનનાં કારણે થાય છે. પુખ્ત વયના લોકો દ્વારા ઉપયોગ કરવામાં આવતાં કેટલાંક બાળકોનાં મોત થાય છે. યોગ્ય માર્ગદર્શન નહીં મળવાથી અથવા તો આડેધડ દવાનો ઉપયોગ કરવાથી બાળકોનાં મોત થાય છે. શિશુ સામે કામ કરતાં બેક્ટેરિયાને અમે મજબૂત બનાવી દઇએ છીએ. નવજાત શિશુમાં રોગપ્રતિકારક શક્તિ ખૂબ ઓછી રહે છે. આવા બાળકોને સંભાળની જરૂર પડે છે. એન્ટીબાયોટિક રજીસ્ટન્સ અથવા તો એબીઆર સામે લડવા ઉપયોગી એન્ટીબાયોટિકનો ઉપયોગ વધે તે અતિ જરૂરી છે. ભારતમાં નવજાત શિશુ અને બાળકને જન્મ આપનાર માતાનો દર ઉંચો છે. વિશ્વનાં અન્ય દેશોની સરખામણીએ ભારતમાં આ દર વધુ છે. બાળકનાં જન્મ વેળા ભારતમાં મોટી સંખ્યામાં મહિલાનાં મોત થાય છે અને આના માટે મુખ્ય કારણ બેદરકારી છે.



### લોકો-કંપનીઓને હેકિંગથી બચાવવા ઇચ્છુક લોકો આગળ વધી શકે...

**મહત્વપૂર્ણ અને સંવેદનશીલ ડેટાની ચોરી કરવાની ગેરકાનુની પ્રવૃતિને જ હેકિંગ કહેવામાં આવે છે આવી અપરાધિક ઘટનાને અંજામ આપવા માટે સાઇબર ક્રિમિનલ્સને હેકર્સ તરીકે ગણવામાં આવે છે ખોટા અને ગેરકાનુની ગતિવિધીમાં સંડોવાયેલા હેકર્સની સાથે સાથે એથિકલ હેકર્સ પણ હોય છે**

# એથિકલ હેકિંગમાં શાનદાર કેરિયર છે

**વર્તમાન દોરમાં ઇન્ટરનેટની મદદથી કેટલાક લોકો નાણાંકીય ગેરરિતી આચરવામાં લાગેલા છે : પ્રોફેશનલ એથિકલ હેકર બની શકાય છે**

વર્તમાન દોરમાં ઇન્ટરનેટની મદદથી કેટલાક વિશ્વાસઘાતી લોકો નાણાંકીય ગેરરિતી આચરવામાં લાગેલા છે. તેમનાથી સાવધાન રહેવાની જરૂર છે. જો તમે લોકો અને કંપનીઓને હેકિંગથી બચાવવા માટે ઇચ્છુક છો તો તમે પ્રોફેશનલ એથિકલ હેકર બની શકો છો. હાલના સમયમાં દુનિયાના દેશો અને ભારતમાં પણ બેંકોમાં ગ્રાહકોના ખાતામાંથી ગેરકાનુની રીતે લેવડદેવડની સાથે ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડ, તેમજ એટીએમ કાર્ડને હેક કરવાની ઘટનાઓ રોકેટ ગતિથી વધી રહી છે. ઇન્ટરનેટના માધ્યમથી આ પ્રકારની ગેરકાયદે છેચરપિંડી વધી રહી છે. સાથે સાથે મહત્વપૂર્ણ અને સંવેદનશીલ ડેટા ચોરી કરી લેવાની ઘટનાઓ પણ વધી રહી છે. મહત્વપૂર્ણ અને સંવેદનશીલ ડેટાની ચોરી કરવાની ગેરકાનુની પ્રવૃતિને જ હેકિંગ કહેવામાં આવે છે. આવી અપરાધિક ઘટનાને અંજામ આપવા માટે સાઇબર ક્રિમિનલ્સને હેકર્સ તરીકે ગણવામાં આવે છે. ખોટા અને ગેરકાનુની ગતિવિધીમાં સંડોવાયેલા હેકર્સની સાથે સાથે એથિકલ હેકર્સ પણ હોય છે. જે કંપનીઓની સિસ્ટમને સુરક્ષિત રાખવા માટે કેટલાક તોર તરીકા અંગે માહિતી ધરાવે છે. તેમના સંવેદનશીલ ડેટાને જાળવી રાખવામાં તેમની ભૂમિકા રહેલી હોય છે. સોફ્ટવેયર એક કોમ્પ્યુટરના બ્રેન તરીકે હોય છે. આ કોઇ



પણ કોમ્પ્યુટરના તમામ ફંક્શનને ઓપરેટ કરે છે. સોફ્ટવેર્સ ફ્રી પણ હોય છે. સાથે સાથે ડ્યુટી સાથે પણ આવે છે. હવે તો કેટલાક સોફ્ટવેરને ઇન્ટરનેટ મારફતે કોમ્પ્યુટર પર ડાઉનલોડ કરીને ઇન્સ્ટોલ કરવામાં આવી શકે છે. માનવની જેમ જ કોમ્પ્યુટરની પણ એક ખાસ ભાષા હોય છે. જેને તે સમજી શકે છે. કોમ્પ્યુટરની ભાષા બાઇનરી સિસ્ટમ પર આધારિત હોય છે. જે હેઠળ તે માત્ર માત્ર જીરો અને એકના નંબરમાં લખેલી ભાષાને જ સમજે છે. સી, સી પ્લસ પ્લસ, જાવા,, એસક્યુએલ, રબી, જાવા સ્ક્રિપ્ટ, પીએચપી પાઇથન, સી શાર્પ જેવા શબ્દો પ્રોગ્રામિંગ લેંગવેજ છે. હેકિંગ વેબસાઇટસમાં અભ્યાસ કરવામાં આવે છે. હેકિંગ સાથે જોડાયેલી વેબસાઇટ્સ પર વિશાલ પ્રમાણમાં હેકિંગ આર્ટસ અને ટ્રિક્સ પર મહત્વપૂર્ણ ટિપ્સ હોય છે. આ સામગ્રીમાં અભ્યાસ કરીને હેકિંગના સંબંધમાં વધારે માહિતી મેળવી શકાય છે. ટોપ લેવલની હેકિંગ વેબસાઇટ્સમાં હેક અ, ડે, હેક ઇનધ બોક્સ, અમેઝિંગ હેકિગં ટ્રિક્સ ડોટ કોમ, હેક દિસ સાઇટ, હાર્ડ ટુ હેક ડોટ ઇન જેવા નામ લઇ શકાય છે. નેટવર્કિંગમાં હાર્ડવેયર અને સોફ્ટવેરના કોમ્બિનેશન હોય છે. નેટવર્કિંગના કામ કરવાની ટેકનિકથી લઇને તેના ટુલ્સના સંબંધમાં પરફેક્ટ માહિતી હોવી જોઇએ. નેટવર્કિંગના બેસિક્સના સંબંધમાં અપડેટ રહેવાની જરૂર હોય છે. આઇપી એડ્રેસ, પોર્ટ, પ્રોટોકોલ જેવા નેટવર્કિંગ ટુલ્સના સંબંધમાં પણ અભ્યાસ કરવાની જરૂર હોય છે.

એક પ્રોફેશનલ હેકરને સોફ્ટવેરના જ્ઞાનની સાથે સાથે સોફ્ટવેર ક્રિએશનની માહિતી હોય તે પણ ખુબ જરૂરી છે. આ તમામ માહિતી ખુબ ઝીણવટભરી રીતે હોવી જોઇએ. સોફ્ટવેર ક્રિએટ કરનાર એક્સપર્ટને પ્રોગ્રામર અથવા તો કોડર કહેવામાં આવે છે. વેબ ડિઝાઇનિંગના આર્ટના જ્ઞાનને પણ હેકિંગના એક મહત્વપૂર્ણ ટુલ્સ તરીકે ગણવામાં આવે છે. જેથી આને પણ ક્યારેય નજરઅંદાજ કરવાના પ્રયાસ કરવા જોઇએ નહીં. એક એથિકલ હેકરને કોમ્પ્યુટરમાં હાર્ડવેયર બેઝિક્સના રૂપમાં ટ્રાન્જિસ્ટર્સ, મધરબોર્ડ, પ્રોસેસર્સ, હાર્ડવેયર, સોફ્ટવેર, રેમ મેમોરી કેપિસીટી, પ્રોગ્રામિંગ, ઓપરેટિંગ સિસ્ટમ, નેટવર્ક, કોમ્પ્યુટર ડિસ્ક સ્ટોરેજ, ઇનપુટ-આઉટપુટની માહિતી પણ પુરતા પ્રમાણમાં રહે તે જરૂરી છે. ઓપરેટિંગ સિસ્ટમની માહિતી હોવી પણ સૌથી ઉપયોગી બાબત છે. ઓપરેટિંગ સિસ્ટમના લેટેસ્ટ વર્જનામાં કાલી લિક્સ એડવાન્સ્ડ છે. જેનો ઉપયોગ હેકર વધારે પ્રમાણમાં કરે છે. ઓપરેટિંગ સિસ્ટમના લેટેસ્ટ વર્જનમાં ઉબન્તુ, મેક ઓએસ, ફેડોરા, સેન્ટ ઓએસના નામ હોય છે. એથિકલ હેકર્સ બનવાની બાબત સરળ નથી. હેકિંગ જેવા સંવેદનશીલ બિઝનેસમાં આપને માનસિક રીતે ખુબ શાર્પ રહેવાની જરૂર હોય છે. સાથે પેશન્ટ રહેવાની પણ જરૂર હોય છે. આપમાં લોજિસ્ટિક્સ પાવર, ક્રિએટીવિટી તેમજ પ્રોબ્લમ એનાલીસીસ કેપિસીટી ચોક્કસપણે હોવી જોઇએ. જો તમારી ઇચ્છા એતિકલ હેકર્સ બનવાની છે તો જ તેમાં સફળતા હાંસલ કરી શકાય છે. હેકિંગના પ્રોફેશનમાં રસ ધરવનાર વ્યક્તિને લેટેસ્ટ ટેકનોલોજી પર ધ્યાન રાખીને તે અંગે માહિતી હાંસલ કરવી પડશે.



### પોતાની સાથે કઠોરતા અપનાવીને આગળ વધવામાં આવે તે જરૂરી...

**હકીકતમાં જીવનમાં સફળ થવાની બાબત એટલી જ સરળ છે જેટલી કોઇ બાળક માટે કોઇ નવી ચીજ શિખવા માટેની હોય છે એટલે કે જો અમે કેટલાક જરૂરી અભ્યાસ અને તરીકાને લાઇફમાં સામેલ કરી લઇશુ તો સફળતા ચોક્કસપણે મળી જશે**

# નક્કર શિસ્ત સફળતા માટે ખુબ જરૂરી

**જો મે જીવનમાં સફળ થવા માંગો છો તોજીવનને સરળ બનાવવાની જરૂર પડશે : સરળતા-સહેજતાથી જ સફળ થઇ શકાય છે**

આધુનિક સમયમાં સફળ થવા માટે તમામ લોકો ૨૪ કલાક સુધી ભાગતા નજેર પડે છે. ગળા કાપ સ્પર્ધાના સમયમાં સફળતા હાંસલ કરવા માટે વ્યક્તિ તમામ પ્રયાસો કરે છે. જાણકાર નિષ્ણાંતો અને મોટી સફળતા હાંસલ કરી ચુકેલા લોકોનુ કહેવુ છે કે સરળતાથી સફળતા સુધી પહોંચી શકાય છે. પરંતુ આના માટે કેટલાક નક્કર પગલા લેવા પડશે. સાથે સાથે શિસ્તની બાબત પણ સૌથી મહત્વપૂર્ણ છે. જો જીવનમાં સફળતા મેળવવા કોઇ વ્યક્તિ ઇચ્છે છે તો તે વ્યક્તિને જીવનને સરળ બનાવી દેવુ પડશે. સરળતા અને સહેજતાથી જીવનમાં સફળ થઇ શકાય છે.

જીવન અમને તમામને આ તક આપે છે કે અમે પોતાને અજમાવીને આગળ વધીએ તથા સફળતા હાંસલ કરીએ. છતાં ખુબ ઓછા એવા લોકો છે જે સફળતા હાંસલ કરી શકે છે. હકીકતમાં જીવનમાં સફળ થવાની બાબત એટલી જ સરળ છે જેટલી કોઇ બાળક માટે કોઇ નવી ચીજ શિખવા માટેની હોય છે. એટલે કે જો અમે કેટલાક જરૂરી અભ્યાસ અને તરીકાને લાઇફમાં સામેલ કરી લઇશુ તો સફળતા ચોક્કસપણે મળી જશે. આના કારણે કોઇ પણ ક્ષેત્રમાં સફળતા હાંસલ કરી શકાય છે. સફળતા અમારી જિન્દગીના મહત્વપૂરણ હિસ્સા તરીકે રહી શકે છે. સરળ રસ્તાથી માત્ર મંજિલ મળી શકે છે પોતાની ઓળખ મળી શકી નથી. જો અમે પોતાને સરળ રસ્તા પર ચાલવાની ટેવ પાડી ચુક્યા છીએ તો આ



બાબત તો નક્કી છે કે સફળતા આડે સૌથી મોટી સમસ્યા અમે પોતે છીએ. આના માટે અમને કેટલાક નિયમો તો ચોક્કસપણે બનાવવા જ પડશે. જેમ કે સવારે વહેલી તકે ઉઠી જવાની બાબત ખુબ જ જરૂરી છે. રોજ શારરિક કસરત અને ધ્યાન કરવાની બાબત પણ જરૂરી બની છે. દરરોજ વાંચન, નક્કી કરવામાં આવેલા કામને નક્કી સમયમાં પુર્ણ કરવાની ટેવ વિકસિત કરવાની જરૂર છે. સમય મુજબ તમામ બાબતોને ધ્યાનમાં રાખવામાં આવે તે જરૂરી છે. આ તમામ નિયમો દેખાવવામાં નાના લાગે છે પરંતુ મોટા ભાગના લોકો તો આ ટેવને પાડવામાં પણ સફળ રહેતા નથી. જો અમે પોતાને જ ઓળખવા માંગીએ છીએ તો પોતાને નવા નવા પડકારો આપવા પડશે. આવી સ્થિતીમાં જરૂરી કસોટી થઇ શકે છે.જાણકાર લોકો કહે છે કે વિચાર મોટા રાખવામાં આવે અને કામ નાના પાયે કરવામાં આવે તે પણ જરૂરી છે. સતત કામ કરતા રહેવાથી સફળતા મળે છે. કોઇ પણ લક્ષ્યને હાંસલ કરવા માટે આ નિયમ અતિ જરૂરી છે.

અમે તમામ લોકો પોતાના નવા કામ અથવા તો કેટલાક ખાસ કરવાની વાત કરીએ છીએ. તેના પર કામ કરવાની શરૂઆત પણ કરી દઇએ છીએ. જો કે આ કામમાં આગળ વધ્યા બાદ સતત કામ જારી રાખી શકતા નથી. કારણ એ છે કે કેટલાક સમય બાદ અમારા વિચાર બદલાઇ જાય છે અથવા તો શરૂઆતમાં ઇચ્છિત પરિણામ હાંસલ થતા નથી. યોગ્ય સમય અને વાતાવરણ પણ કેટલાક કેસમાં અનુકુળ નથી. દુનિયામાં પોતાની મોટી વિચારધારાની દિશામાં કામ કરનાર લોકો ખુબ ઓછા રહ્યા છે. આ જ કારણ છે કે શ્રેષ્ઠ અને સફળ લોકોની સંખ્યા પણ ઓછી રહે છે. એક સારી શરૂઆતનો અર્થ એ નથી કે તમે સફળ થઇ ગયા. આવી જ રીતે એક ખરાબ શરૂઆતનો અર્થ પણ એ નથી કે તમે ફ્લોપ અથવા તો નિષ્ફળ થઇ ગયા છો. અમે વારંવાર અને સતત જોતા રહીએ છીએ કે એક માસુમ બાળક કેટલાક નવા કામ કરતી વેળા સતત પ્રયાસ કરે છે. પરિણામ સારા આવતા નથી અને તે સફળ રહેતો નથી પરંતુ તે સતત પ્રયાસ કરતો રહે છે. તે રોકાઇ જતો નથી. સફળતાની સાથે સાથે ખુશ રહેવા માટે સૌથી જરૂરી છે કે અમે દરેક સ્થિતીમાં સહેજ રહીએ. પરિણામ કેવા પણ મળે છતાં સહેજ રહેવામાં આવે તે જરૂરી છે. જો પરિણામ સારા મળી રહ્યા નથી તો પ્રશ્નો કરીએ. દુનિયામાં ચાર પ્રકારના લોકો હોય છે. પહેલા લોકો એવા છે જે ભુલ કરવાના ડરથી કઇ કરતા જ નથી. બીજા એવા લોકો હોય છે જે ભુલો કરે છે પરંતુ ભુલોથી કોઇ બોધપાઠ લેતા નથી. ત્રીજા લોકો એવા હોય છે ભુલો કરે છે અને તેનાથી શિખીને આગળ વધે છે. પોતાનામાં સુધારો કરે છે. ચોથા લોકો એવા હોય છે જે પોતાની ભુલોથી શિખવાની સાથે સાથે બીજાની ભુલોથી પણ બોધપાઠ લઇને આગળ વધે છે. આજના સમયમાં અમે જો અંતિમ શ્રેણી અથવા તો ચોથી વ્યક્તિની જેમ જ બનીને આગળ વધીશુ તો જ સફળતા સુધી પહોંચી શકાશે. અમને દરકે અનુભવમાંથી શિખીને પોતાને ચકાસીને આગળ વધવાની જરૂર પડશે. જો તમે શિખવા માટે તૈયાર છો તો દરેક અવસર સફળતાની દિશામાં એક પગલુ છે. કેટલાક પ્રશ્નો છે જે હમેંશા પોતાને કરી શકાય છે. આ અવસર અથવા તો વ્યક્તિ પાસેથી શુ શિખી શકાય છે આજે હુ નવુ શુ શિખી રહ્યો છુ આ નવા બોધપાઠને કઇ રીતે અમલી કરવામાં આવે આ તમામ પ્રશ્નો વ્યક્તિને પોતાને કરવા જોઇએ. આગળ વધવા માટે શિખવા માટે પુરતો સમય કાઢવામાં આવે તે જરૂરી છે. ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારના બાળકો પણ ટોપના સ્તર પર પહોંચી રહ્યા છે. જેથી સતત મહેનત, શિસ્ત અને નિયંમો સૌથી ઉપયોગી છે. .



### ટેકનોલોજી ફ્રેન્ડલી યુવા વીઆર કન્ટેન્ટને બિઝનેસ બનાવી શકે છે

**બિઝનેસ સેક્ટરમાં એઆર અને વીઆર ટેકનોલોજીના વધતા જતા ઉપયોગના કારણે લોકોને ખુબ ફાયદો થયો છે બીજી બાજુ વર્ચુઅલ રિયાલિટી જેવી ટેકનોલોજી યુવાઓને સ્ટાર્ટ અપના અનેક અવસર ઉપલબ્ધ કરાવી લેવામાં પણ મદદરૂપ બની રહી છે**

# વર્ચુઅલ રિયાલિટી સ્ટાર્ટ અપ ઓપ્શન

**ગયા વર્ષે દુનિયાભરમાં વીઆર સંબંધિત કન્ટેન્ટ શોધનારની સંખ્યા ૨૦ કરોડથી વધારે રહી છે : વીઆર થિયેટર નવા કોન્સેપ્ટ તરીકે છે**

વિતેલા વર્ષમાં દુનિયાભરમાં વીઆર એટલે કે વર્ચઅલ રિયાલિટી સાથે સંબંધિત કન્ટેન્ટ શોધનાર લોકોની સંખ્યા ૨૦ કરોડથી વધારે રહી છે. જો તમે ટેકનોલોજી ફ્રેન્ડલી છો તો વીઆર કન્ટેન્ટને બિઝનેસ માટે ડેવલપ કરી શકો છો. આની સાથે સંબંધિત વિડિયો અને બ્લોગ વાંચનાર લોકોની સંખ્યા પણ ખુબ વધારે થઇ રહી છે. બિઝનેસ સેક્ટરમાં એઆર અને વીઆર ટેકનોલોજીના વધતા જતા ઉપયોગના કારણે લોકોને ખુબ ફાયદો થયો છે. બીજી બાજુ વર્ચુઅલ રિયાલિટી જેવી ટેકનોલોજી યુવાઓને સ્ટાર્ટ અપના અનેક અવસર ઉપલબ્ધ કરાવી લેવામાં પણ મદદરૂપ બની રહી છે. વીઆર ટેકનોલોજી સાથે સંબંધિત બિઝનેસના ગ્રોથનો અંદાજ આ બાબતથી લગાવી શકાય છે કે વર્ષ ૨૦૨૦માં આની સાથે સંબંધિત માર્કેટનુ કદ આશરે ૧.૪ લાખ કરોડ સુધી પહોંચી ગયુ છે. જ્યારે વર્ષ ૨૦૨૪ સુધી વીઆર ટેકનોલોજી અને સંબંધિત પ્રોડક્ટસનુ ગ્લોબલ માર્કેટ કદ આશરે ત્રણ લાખ કરોડ રૂપિયાથી વધારે રહેનાર છે. ટેકનોલોજી સાથે સંબંધિત બિઝનેસ અને તેમની ફ્યુચર પ્લાનિંગને લઇને સર્વે કરનાર અમેરિકી એજન્સીઓએ હાલમાં વીઆર સંબંધિત બિઝનેસને લઇને ભાવિ ઉજવળ હોવાની બાબત રજૂ કરી છે. ખાસ કરીને ભારત સહિત કેટલાક એશયન દેશોમાં વીઆર ટેકનોલોજી સાથે સંબંધિત બિઝનેસનો ગ્રોથ સૌથી વધારે રહેવાનો અંદાજ છે. જો કે વીઆર સાથે સંબંધિત એવા ક્યા બિઝનેસ છે જે સૌથી વધારે ફાયદાકારક રહેનાર છે તેને લઇને કેટલીક માહિતી નિષ્ણાંતો દ્વારા એકત્રિત કરવામાં આવી રહી છે. વીઆર ટેકનોલોજી સાથે સંબંધિત પ્રોડક્ટસની યાદી ખુબ લાંબી છે. જો કે મુખ્ય રીતે જે પ્રોડક્ટસની માંગ વધી છે તેમાં વીઆર હેન્ડસેટ, સેંસર, પ્રોજેક્ટ અને ડિસ્પ્લે વોલ, ટ્રેકિગં ડિવાઇસ અને હાઇ પાવરવાળા કોમ્પ્યુટર સિસ્ટમ સામેલ છે. વીઆર ટેકનોલોજીવાળી તમામ પ્રોડક્ટસઅને અન્ય વસ્તુઓની કિંમત વધારે છે. જો કે લોકોનો વીઆર ટેકનોલોજીમાં ક્રેઝ વધી રહ્યો છે જેથી સ્ટાર્ટ અપ આઇડિયાની શોધમાં રહેલા યુવાનોને તક મળી રહી છે. આવા પ્રોડક્ટસના રેટ બિઝનેસ એક ફુટફુળ આઇડિયા તરીકે છે. વીઆર હેન્ડસેટ અથવા તો અન્ય ડિવાઇસ જેમની કિંમત ૧૦ હજાર રૂપિયા અથવા તો વધારે છે તેમને આ રેન્ટ બિઝનેસમાં સામેલ કરવામાં આવી શકે છે. આવા સ્ટાર્ટ અપની સંખ્યા ચીન અને સિંગાપોરમાં અતિ ઝડપથી વધી રહી છે. વીઆર સાથે સંબંધિત બિઝનેસની લોકપ્રિયતાને આ બાબતથી સમજી શકાય છે કે વર્ષ ૨૦૧૯માં આ સેક્ટરતી સંબંધિત ૫૦થી વધારે સ્ટાર્ટ અપને રોકાણકારો મળી ચુક્યા છે. તેમાં સૌથી વધારે સંખ્યા એશિયાના સ્ટાર્ટ અપની રહેલી છે. જેથી આ સેક્ટરના બિઝનેસમાં જો આપની પાસે બજેટની કમી છે તો અથવા તો ફંડ ઓછા પ્રમાણમાં છે તો આપના રોકાણના સંબંધમાં વધારે ચિંતા રહેશે નહીં. વીઆર થિયેટર લોકપ્રિય થવા માટેના કારણ એ છે કે ૩૬૦ ડિગ્રીમાં વિડિયો જોવામાં આવે છે. અલબત્ત આ એક મોંઘા બિઝનેસ આઇડિયા તરીકે છે. કારણ કે જો તમે ૨૦ સીટવાળા વીઆર થિયેટર બનાવવા માટે ઇચ્છુક છો તો આપને આશરે ૨૦ લાખ રૂપિયાના રોકાણઁની જરૂર હોય છે. જો તમારી પાસે મોટા બજેટ નથી તો તમે વીઆર વિડિયો સ્ટુડિયો વિકસિત કરી શકો છો. જ્યાં તમે લોકોને આક્યુલસ રિફ્ટ અથવા તો વાઇવના અનુભવ કરાવી શકો છો. વીઆર પ્રોડક્ટસને ઓનલાઇન ખરીદીને ગ્રાહક પર તેમને પોતાના સ્ટુડિયોમાં દર્શાવી શકો છો. વીઆર ટેકનોલોજી શુ છે તે અંગે વાત કરવામાં આવે તો આપ્રશ્ન ચોક્કસ સારો છે. વર્તમાનમાં વીઆર ટેકનોલોજીનો ઉપયોગ કરનારની સંખ્યામાં દર વર્ષે ઝડપી વધારો થઇ રહ્યો છે. આ ટેકનોલોજીની શરૂઆત વર્ષ ૨૦૧૦માં અમેરિકામાં થઇ હતી. વર્ષ ૨૦૧૬ બાદ તેનો ઉપયોગ કારોબારના સ્તર પર શરૂ થયો હતો. ભારત અને અન્ય એશિયન દેશોમાં આ ટેકનોલોજીનો ઉપયોગ છેલ્લા એક વર્ષમાં વધ્યો છે. વર્ચુઅલ રિયાલિટીને સામાન્ય ભાષામાં આભાસી દુનિયા કહેવામાં આવે ચે. ટેકનોલોજીના ઉપયોગથી કોઇ પણ વ્યક્તિ એવી વસ્તુને અનુભવ કરી શકે છે.



Cyber Octet™

CYBER SECURITY AND
ETHICAL HACKING
TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST
WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

### WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

## મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં ૪,૧૩૬ ઉમેદવારોનું ભાવી ઇવીએમમાં સીલ

# મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે સરેરાશ ૫૫ ટકા મતદાન

**મહારાષ્ટ્રની ૨૮૮ સભ્યોની વિધાનસભા માટે આજે સવારે સાત વાગ્યાથી સખ્ત સુરક્ષા વચ્ચે મતદાન શરૂ થયું હતું । વિધાનસભાની ચૂંટણીમાં ફિલ્મ સ્ટાર ક્રિકેટરો સહિતની હસ્તીઓએ મતદાન કર્યું હતું**

। મુંબઇ,તા.૨૦ ।

મહારાષ્ટ્રની ૨૮૮ સભ્યોની વિધાનસભા માટે આજે સવારે સાત વાગ્યાથી સખ્ત સુરક્ષા વચ્ચે મતદાન શરૂ થયું હતું સવારે મતદાન ધીમી ગતીએ ચાલુ થયું હતું પરંતુ બપોરે મતદાનની ટકાવારીમાં વધારો થયો હતાં,મહારાષ્ટ્ર વિધાનસભાની ચુંટણીમાં ફિલ્મ સ્ટાર ક્રિકેટરો સહિતની હસ્તીઓએ મતદાન કર્યું હતું.મહારાષ્ટ્રમાં એકદરે ૫૫ ટકા જેટલું મતદાન થયું હતું. કેટલાક સ્થળોએ સામાન્ય ઝપાઝપીને બાદ કરતા કોઈ મોટો અપ્રિય બનાવ બન્યો ન હતો હવે બધાની નજર ૨૩ નવેમ્બર પર રહેશે આ દિવસે મતગણતરી હાથ ધરવામાં આવશે. શાસક 'મહાયુતિ' ગઠબંધન આ ચૂંટણીમાં સત્તા જાળવી રાખવાનો પ્રયાસ કરી રહ્યું છે, ત્યારે વિપક્ષી ગઠબંધન મહા વિકાસ અઘાડી સત્તામાં ભવ્ય વાપસીની આશા રાખી રહ્યું છે. તમને જણાવી દઈએ કે ચૂંટણી પ્રચાર દરમિયાન ભાજપે ખાસ કરીને 'બનટેંગે તો કટંગે' અને 'એક હૈ તો સલામત હૈ' જેવા નારા લગાવ્યા હતા. વિપક્ષી દળોએ આરોપ લગાવ્યો કે મહાયુતિ આ સૂત્રો દ્વારા મતદારોને ધાર્મિક આધાર પર ધ્રુવીકરણ કરવાનો પ્રયાસ કરી રહી છે.







### ભાજપના વરિષ્ઠ નેતા ગડકરીએ ટાઉન હોલમાં પોતાનો મત આપ્યો

ભાજપના વરિષ્ઠ નેતા ગડકરીએ તેમના પરિવારના સભ્યો સાથે મહેલ વિસ્તારના ટાઉન હોલમાં પોતાનો મત આપ્યો અને વિશ્વાસ વ્યક્ત કર્યો કે 'ડબલ એન્જિન' સરકાર (કેન્દ્ર અને રાજ્યમાં બીજેપીની આગેવાની હેઠળ) જાળવી રાખશે. મહારાષ્ટ્રમાં સત્તા મતદાનના મહત્વ પર ભાર મૂકતા, તેમણે તેને લોકશાહીનો પાયો ગણાવ્યો. બીજી તરફ મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે પણ નાગપુરમાં પોતાનો મત આપ્યો હતો અને મતદારોને ખાસ કરીને મહિલાઓને તેમના મતાધિકારનો ઉપયોગ કરવાની અપીલ કરી હતી. પહેલા પ્રથમ તબક્કા માટે ૧૩ નવેમ્બરે મતદાન થયું હતું.

### ઝારખંડમાં બીજા તબક્કામાં ૩૮ બેઠકો માટે મતદાન થયું

ઝારખંડમાં બીજા તબક્કામાં ૩૮ બેઠકો માટે મતદાન થયું હતું બીજા તબક્કામાં સરેરાશ ૫૬ ટકા જેટલું મતદાન થયું છે.મતદારોએ નકસલીઓનો ભય રાખ્યા વિના ભારે ઉત્સાહ સાથે મતદાન કર્યુ હતું બીજા તબક્કામાં બાબુલાલ મરાંડી, કલ્પના સોરેન, હેમંત સોરેનના ભાવિનો નિર્ણય મતદારોએ કરી લીધો છે ભાજપ-ઝારખંડના પ્રમુખ બાબુલાલ મરાંડીએ જણાવ્યું હતું કે, "ઝારખંડમાં લોકોનો મૂડ હેમંત સોરેનની આગેવાની હેઠળની જેએમએમ સરકારને બદલવાનો છે ઝારખંડમાં સવારે ૭ વાગ્યાથી મતદાન શરૂ થયું હતું અને ૧૪,૨૧૮ મતદાન મથકો પર મતદાન હાથ ધરાયું હતું.

### મહારાષ્ટ્ર ૨૦૨૪માં બપોરે ૧ વાગ્યા સુધી ૩૨.૧૮ ટકા મતદાન નોંધાયું હતું

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે મુંબઈમાં અભિનેતા સલમાન ખાન,પ્રખ્યાત લેખક સલીમ ખાન ,રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી, તેમના પુત્ર અનંત અંબાણી, આકાશ અંબાણી અને તેમની પત્ની શ્લોકા મહેતા,અભિનેતા અને શિવસેનાના નેતા ગોવિંદા,અભિનેતા સૈફ અલી ખાન અને કરીના કપૂર સહિત અનેક ફિલ્મી હસ્તીઓએ મતદાન કર્યું હતું મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અને નાગપુર દક્ષિણ-પશ્ચિમના ભાજપના ઉમેદવાર દેવેન્દ્ર ફડણવીસે મતદાન કર્યા પછી કહ્યું, 'લોકશાહીનો સૌથી મોટો ઉત્સવ ચાલી રહ્યો છે. મેં મહારાષ્ટ્રમાં મારા પરિવાર સાથે મતદાન કર્યું છે. હું મહારાષ્ટ્રના મારા તમામ ભાઈઓ અને બહેનોને, ખાસ કરીને અમારી છોકરી બહેનોને અપીલ કરું છું કે તેઓ મોટા પાયે મતદાન કરે કારણ કે મતદાન એ આપણો અધિકાર જ નહીં પણ આપણી ફરજ પણ છે.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રણ દેશોની મુલાકાતે રવાના થયા હતા

। નવીદિલ્હી, તા.૨૦ ।

પીએમ નરેન્દ્ર મોદી ત્રણ દેશોની પાંચ દિવસીય મુલાકાતે રવાના થઈ ગયા છે. આ સમયગાળા દરમિયાન ૧૬ નવેમ્બરથી ૨૧ નવેમ્બર સુધી પીએમ મોદી ત્રણ દેશોની મુલાકાતે જશે. પીએમ મોદી આ દરમિયાન બ્રાઝિલ, ગયાના અને નાઈજીરિયાની મુલાકાત લેશે.મોદી જી-૨૦ સમિટમાં ભાગ લેવા બ્રાઝિલ જશે. વિદેશ મંત્રાલયે પણ આ મામલે માહિતી આપી હતી. તે જ સમયે,મોદી બ્રાઝિલમાં જી-૨૦ સમિટ દરમિયાન ઘણા વૈશ્વિક નેતાઓને પણ મળી શકે છે.મોદી નાઈજીરિયાના રાષ્ટ્રપતિ બોલા અહેમદ ટીનુબુના આમંત્રણ પર ૧૬-૧૭ નવેમ્બરના રોજ નાઈજીરિયા જશે. વિદેશ મંત્રાલય દ્વારા જારી કરાયેલા નિવેદન અનુસાર, ૧૭ વર્ષમાં ભારતના વડાપ્રધાનની નાઈજીરિયાની આ પ્રથમ મુલાકાત હશે.

## મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને આજે ૨૦મી નવેમ્બરે મતદાન થયું

# મહારાષ્ટ્રની ચૂંટણીમાં ક્રિપ્ટોકરન્સીના પૈસાનો ઉપયોગ થયો : સંબિત પાત્રા

। નવીદિલ્હી,તા.૨૦ ।

મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને આજે ૨૦મી નવેમ્બરે મતદાન થયું છે. ચૂંટણીના પરિણામો ૨૩ નવેમ્બરે જાહેર થશે. દરમિયાન, મીડિયાને સંબોધિત કરતી વખતે, બીજેપી નેતા સંબિત પાત્રાએ કહ્યું કે મહાવિકાસ અઘાડી, સુપ્રિયા સુલે, નાના પટોલેના કેટલાક અગ્રણી નેતાઓ દ્વારા ૨૩૫ કરોડ રૂપિયાની ઉચાપતનો મામલો પ્રકાશમાં આવ્યો છે. આ ગંભીર બાબત છે. બિટકોઈન ક્રિપ્ટો કરન્સી સાથે સંબંધિત બાબત છે. રાહુલ ગાંધીની પાર્ટીના નેતાઓ અને સુપ્રિયા સુલેએ કેવી રીતે ઉચાપત કરી છે. કોણ છે રવિન્દ્રનાથ પાટીલ? તેણે કહ્યું કે તે ૨૦૪ બેચના આઈપીએસ અધિકારી છે અને ૨૦૧૦માં આઈપીએસ છોડી દીધી હતી. મહારાષ્ટ્રમાં ક્રિપ્ટોકરન્સીની



છેતરપિંડી થઈ, આરએન પાટીલને સાયબર એક્સપર્ટ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા અને પછી તેઓ જેલમાં ગયા.સંબિત પાત્રાએ કહ્યું કે તેઓ પુણેના આઈપીએસ અધિકારી હતા, જેલમાંથી બહાર આવ્યા હતા અને સમગ્ર વિષયનો અભ્યાસ કર્યો હતો. ક્રિપ્ટોકરન્સી વોલેટ મળ્યું. આ કૌભાંડમાં ગૌરવ મહેતા મહત્ત્વનું પાત્ર છે. ગૌરવ નાથ રવિન્દ્ર નાથ પાટીલને બોલાવે છે જેઓ પાટીલ વિરુદ્ધ સાક્ષી હતા. બંને સિગ્નલ એપ દ્વારા વાત કરી રહ્યા છે. ગૌરવ મહેતા પાટિલને કહે છે કે તમને ફસાવવામાં આવ્યા છે. પુણેના કમિશનરે તેમને ફસાવ્યા હતા. તેમની ઉપર પણ નેતાઓ છે, જેમાંથી સુપ્રિયા સુલે અને નાના પટોલે છે. જ્યારે પાટીલ ગૌરવ મહેતા પાસેથી પુરાવા માંગે છે, ત્યારે ગૌરવ મહેતા પાટીલને ઓડિયો ક્લિપિંગ મોકલે છે. સંબિત પાત્રાએ કહ્યું કે આ નાણાનો ઉપયોગ લોકસભા અને વિધાનસભા ચૂંટણીમાં કરવામાં આવ્યો છે.

## છત્તીસગઢમાં મેલીવિદ્યાની શંકામાં ૬૫ વર્ષીય વૃદ્ધાની હત્યા કરાઈ

। સૂરજપુર, તા.૨૦ ।

છત્તીસગઢના સૂરજપુર જિલ્લાના એક ગામમાં મેલીવિદ્યા કરવાની શંકાના મામલામાં એક ૬૫ વર્ષીય વૃદ્ધ મહિલાની હત્યા કરવામાં આવી છે. આ મામલામાં પોલીસે એક જ પરિવારના ચાર લોકોની ધરપકડ કરી છે. પોલીસે ઓડગી પોલીસ સ્ટેશનની હદમાં આવેલા સાવરવા ગામમાં ૧૪મી નવેમ્બરે થયેલી હત્યાના આરોપમાં એક દંપતિ અને તેમના બે પુત્રોની ધરપકડ કરી છે, તેમ સૂરજપુરના એડિશનલ પોલીસ સુપરિનટેન્ડેન્ટ સંતોષ મહતોએ જણાવ્યું છે. તેમણે વધુમાં કહ્યું કે, આરોપીઓમાં પ્રાણ સાઇ(૫૯), તેની પત્ની મુન્ની બાઇ(૫૭), તેમના પુત્રો મુકેશ(૧૮) અને મુકુમ(૨૩) સામેલ છે. પોલીસના કહેવા મુજબ, પ્રાણ સાઈના એક અન્ય પુત્રે ત્રણ-ચાર વર્ષ પહેલા આપઘાત કરી લીધો હતો, અને સાઇ પરિવારનું માનવું છે કે આ આપઘાત પાછળ નાનકી બાઇ(૬૫) દ્વારા કરાયેલી મેલીવિદ્યા કારણભૂત છે. ૧૪મી નવેમ્બરે મુકેશે ૬૫ વર્ષીય મહિલા નાનકી બાઈને પોતાના ઘરે બોલાવી, અને તેણીને ખૂબ દારુ પીવડાવ્યો, પછી મુકેશે કથિત રીતે વૃદ્ધ મહિલા નાનકી બાઈ પર કુહાડીથી હુમલો કર્યો, અને મુકેશના ભાઈ મુકુમે તેનું ગળું દબાવી દીધું હતું. પોલીસના કહેવા મુજબ, પ્રાણ સાઈના એક અન્ય પુત્રે ત્રણ-ચાર વર્ષ પહેલા આપઘાત કરી લીધો હતો. છત્તીસગઢના સૂરજપુર જિલ્લાના એક ગામમાં મેલીવિદ્યા કરવાની શંકાના મામલામાં એક ૬૫ વર્ષીય વૃદ્ધ મહિલાની હત્યા કરવામાં આવી છે.

## કૈલાશ ગેહલોતે આમ આદમી પાર્ટી સાથે નાતો તોડીને ભાજપમાં જોડાયા

# દિલ્હીની રાજનીતિમાં કેજરીવાલને છોડનારા કોઈપણ નેતાની કારકિર્દી ચમકી શકી નથી

**૨૦૧૫માં જ્યારે દિલ્હીમાં આમ આદમી પાર્ટીની સરકાર આવી ત્યારે યોગેન્દ્ર યાદવ આપના મોટા નેતા હતા । યોગેન્દ્ર પાર્ટીના મુખ્ય ચૂંટણી રણનીતિકાર પણ હતા**

। નવીદિલ્હી, તા.૨૦ ।

દિલ્હીમાં વિધાનસભા ચૂંટણી પહેલા પૂર્વ મંત્રી કૈલાશ ગેહલોતે આમ આદમી પાર્ટી સાથે નાતો તોડીને ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા છે. ગેહલોતે હવે બીજેપી સાથે વધુ રાજનીતિ કરવાની વાત કરી છે. રાજકીય વર્તુળોમાં કૈલાશ ગેહલોત પણ ભાજપમાં સીએમ પદના દાવેદાર હોવાનું કહેવાય છે. જો કે ગેહલોત એવા પહેલા નેતા નથી કે જેઓ કેજરીવાલને છોડીને દિલ્હીની રાજનીતિમાં પગ જમાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. અત્યાર સુધી આ યાદીમાં એક ડઝનથી વધુ નેતાઓના નામ સામેલ છે. રસપ્રદ વાત એ છે કે દિલ્હીની રાજનીતિમાં કેજરીવાલને છોડનારા કોઈપણ નેતાની કારકિર્દી ચમકી શકી નથી.૨૦૧૫માં જ્યારે દિલ્હીમાં આમ આદમી પાર્ટીની સરકાર આવી ત્યારે યોગેન્દ્ર યાદવ આપના મોટા નેતા હતા. યોગેન્દ્ર પાર્ટીના મુખ્ય ચૂંટણી રણનીતિકાર પણ હતા. તે સમયે એવું કહેવામાં આવતું હતું કે આપ તેમને રાજ્યસભામાં મોકલી શકી હોત, પરંતુ તેઓ નીતિ વિષયક મુદ્દાઓ પર કેજરીવાલ સાથે ટકરાયા હતા. આ પછી યોગેન્દ્ર એકલા થઈ ગયા. આપમાંથી બહાર થયા બાદ યોગેન્દ્ર યાદવે પણ પોતાની પાર્ટી બનાવી, પરંતુ તેમાં સફળતા મળી ન હતી. હાલમાં યોગેન્દ્ર યાદવ મંચ પર કોંગ્રેસ માટે પ્રચાર કરતા જોવા મળે છે. તેઓ કોઈ મોટા પદ પર નથી.કુમાર વિશ્વાસ અણ્ણા આંદોલનથી આપ પાર્ટીમાં આવ્યા હતા. તેઓ પાર્ટીમાં એક ચળકતા નેતા માનવામાં આવતા હતા. ૨૦૧૭ સુધી કેજરીવાલ અને કુમાર વિશ્વાસ વચ્ચે બધું બરાબર હતું, પરંતુ ૨૦૧૭માં તેમના સંબંધો બગડી ગયા. ૨૦૧૮માં કુમારને રાજ્યસભામાં મોકલવામાં આવ્યા ન હતા, ત્યારબાદ તેમણે હાઈકમાન્ડ સામે મોરચો ખોલ્યો હતો.તે પછી કુમારે આપની રાજનીતિથી દૂરી લીધી. તેમના વિશે ઘણી રાજકીય અટકળો ચાલી રહી હતી, પરંતુ વિશ્વાસને રાજકીય આધાર મળી શક્યો ન હતો. હવે લોકોમાં પહોંચે છે.

## નવાબ મલિક ભાજપના નેતાઓ સામે કાનૂની કાર્યવાહીની તૈયારી કરી રહ્યા છે

। મુંબઇ, તા.૨૦ ।

અજિત પવારે ભાજપના વિરોધ છતાં માનખુર્દ શિવાજી નગરથી એનસીપી(અજિત પવાર જૂથ)ના નેતા નવાબ મલિકને ટિકિટ આપી છે. આ ઉપરાંત તેમની પુત્રી સના મલિકને પણ અનુશક્તિ નગરથી ટિકિટ આપવામાં આવી છે. ભાજપ સતત નવાબ મલિક પર દાઉદ ઈબ્રાહિમ સાથે જોડાણનો આરોપ લગાવી રહી છે. આ અંગે નવાબ મલિકે હવે કહ્યું છે કે જે લોકો તેને દાઉદ ઈબ્રાહિમ સાથે જોડી રહ્યા છે તેમની સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.નવાબ મલિકે કહ્યું, જે લોકો તેને દાઉદ ઈબ્રાહિમ સાથે જોડી રહ્યા છે તેમને કાયદાકીય કાર્યવાહીનો સામનો કરવો પડશે. આ ખોટા આરોપોથી મારી છબી ખરડાઈ રહી છે. જો આ આરોપો લગાવનારાઓ મારી પાસેથી માફી નહીં માંગે, ભલે તેઓ ગમે તેટલા મોટા નેતા હોય, મારા વકીલ તેમને કાનૂની નોટિસ મોકલશે અને તેમની સામે પગલાં લેશે.

# હિમાચલ હાઈકોર્ટનો હિમાચલ ભવન જપ્ત કરવાનો આદેશ

। ચંડીગઢ, તા.૨૦ ।

હિમાચલ પ્રદેશની સુખવિંદર સુખુ સરકારે એક વીજ પ્રોજેક્ટની બાકી લ્હેણાંની રકમ નહીં ચૂકવતા રાજ્યની હાઈકોર્ટે રૂ. ૧૫૦ કરોડની વસૂલાત માટે દિલ્હીમાં આવેલા હિમાચલ ભવનને જપ્ત કરવાનો આદેશ આપ્યો છે. હાઈકોર્ટના જજ અજય મોહન ગોયલે આ આદેશ જારી કરતાં જણાવ્યું હતું કે, દિલ્હીમાં આવેલા હિમાચલ સરકારની માલિકીના હિમાચલ ભવનની હરાજી માટે સેલી હાઈડ્રોપાવર ઈલેક્ટ્રિક કંપની યોગ્ય કાર્યવાહી કરી શકે છે. હિમાચલની કોંગ્રેસ સરકાર માટે આંચકારૂપ એવી આ ઘટનાની વિગતો અનુસાર, રાજ્ય સરકારે લાહૌલ અને સ્પિતિ જિલ્લામાં આવેલી ચિનાબ નદી પર ૩૪૦ મેગાવોટની




જળવિદ્યુત પરિયોજના માટે સેલી હાઈડ્રો ઈલેક્ટ્રિક પાવર કંપની લિમિટેડ/મોઝર બેયરને ૨૦૦૯માં કામ સોંપ્યું હતું. જેને પગલે કંપનીએ રૂ. ૬૪ કરોડની અગ્રીમ ચૂકવણી કરી હતી. જોકે કોઈ કારણોસર આ પ્રોજેક્ટની કાર્યવાહી આગળ વધી શકી નહોતી.ત્યારબાદ રાજ્ય સરકારે કંપનીને કરેલી પ્રોજેક્ટની ફાળવણી રદ્દ કરી તેણે ચૂકવેલી રકમ જપ્ત કરી લીધી હતી. સરકારના આ નિર્ણયને કંપનીએ લવાદમાં પડકાર્યો હતો, જેણે રાજ્ય સરકારને વ્યાજ સાથે રકમ પરત કરવા આદેશ આપ્યો હતો. જોકે રાજ્ય સરકાર દ્વારા લાંબો સમય સુધી આ રકમ નહીં ચૂકવવાને કારણે વ્યાજ સહિત બાકી લ્હેણાંનો આંક રૂ. ૧૫૦ કરોડ થઈ ગયો છે. આ અંગે પ્રતિક્રિયા આપતાં રાજ્યના મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખુએ જણાવ્યું હતું કે, સરકાર હાઈકોર્ટના આદેશની સમીક્ષા કરી ટૂંક સમયમાં યોગ્ય નિર્ણય લેશે. રાજ્યના વિરોધ પક્ષ ભાજપે હાઈકોર્ટના આદેશને રાજ્ય સરકાર માટે આઘાતજનક ગણાવ્યો છે.

## દિલ્હીના નંદનગરમાં યુવકની હત્યા, યુવતીની છેડતીનો વિરોધ કર્યો હતો

। નવીદિલ્હી, તા.૨૦ ।

